સત્સંગ

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

મહર્ષિ વેદવ્યાસલિખિત ‘ગરુડપુરાણ’

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે



મહર્ષિ વેદવ્યાસે મૃત્યુ પછીની ક્રિયાઓનું સ્પષ્ટ માર્ગદર્શન, મૃતક જીવ માટે શાંતિપ્રાર્થના, મૃતકનાં કર્મફળોની કઠોરતા મૃદુ થવા માટેના ઉપાયો અને સાચું જીવન પસાર કરવાની રીતનું માર્ગદર્શન ‘ગરુડપુરાણ’માં ગ્રંથરૂપે આપ્યું છે એટલે ગરુડ પુરાણ વાંચવું દરેક માનવી માટે આવશ્યક છે

ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ અને પરંપરાની માનસિકતામાં સંવત્સર, વર્ષ પ્રતિપદા, વર્ધાપનદિન, જયંતી, શુભતિથિઓ, પર્વ, મહાપર્વ અને ઉત્સવોને બહુ જ મહત્ત્વ છે. આ પ્રથા અને ઉજવણીઓ ભારતખંડની વિશેષતા અને વિશિષ્ટતા છે. આપણા દેશમાં અનેક ઋષિ-મહર્ષિઓ થયા. તેમણે માનવજાતિ માટે ઉપયોગી ગ્રંથો લખ્યા. તેના થકી આપણને માર્ગદર્શન અને આવશ્યક જ્ઞાન મળ્યું છે. તેનું વાંચન, સ્મરણ-પઠન અને તે પ્રમાણેનું આચરણ કરવું માનવકલ્યાણનો સરળ માર્ગ છે. મહર્ષિ વેદવ્યાસે માનવજાતિના સમગ્ર ઉદ્ધાર માટે દેવ અને દૈવી આશિષથી અઢાર પુરાણો લખ્યાં છે. તેમાં ‘ગરુડપુરાણ’નો સમાવેશ થાય છે. ગરુડ એક પક્ષી છે, પણ તે વિશ્વરક્ષક અને પોષણ કરનાર શ્રીહરિ વિષ્ણુ ભગવાનનું વાહન છે. તે ગરુડને બ્રહ્માંડમાં બધે જ આવવા-જવાની છૂટ છે. તે શ્રીહરિના પરમભક્ત અને નિરાગસ જીવાત્મા છે. શ્રીહરિના પ્રિયપાત્ર છે. માણસ અનંત વિચારો કરે છે. સ્વર્ગ શું છે? નરક ક્ષેત્ર શું છે? યમદૂત અને યમદરબાર શું છે? જન્મ અને મૃત્યુના ફેરાઓનું રહસ્ય શું છે? મન, બુદ્ધિ અને આત્માનું દર્શન ક્યારે થાય છે? ભવ તો માણસ જીવે છે પણ મરણ પછી શું છે? જીવન દરમિયાન ઇષ્ટ-અનિષ્ટ જે કર્મો થયાં તેનું ફળ શું છે? એવા અનેક પ્રશ્નોના ઉત્તરો માણસ પાસે નથી. એટલે મરણ સમયે વૃદ્ધાવસ્થામાં તે દ્વિધામાં હોય છે. વિચારોમાં ગ્રસ્ત હોય છે, ત્રસ્ત હોય છે અને માનસિક રીતે નબળો અને નિરાશ બને છે. તેની સ્મરણશક્તિ તીવ્ર બને છે અને જન્મથી લઈને વર્તમાન સમય સુધીની બધી જ સાચી-ખોટી ઘટનાઓ અને પ્રસંગો તેના સ્મૃતિપટલ પર ઊભરી આવે છે. એટલે તે ક્યારેક હસે છે, તો ક્યારેક રડે છે. પુણ્ય અને પાપનો અર્થ તેની સમજમાં આવે છે. અંતિમ ઘડી સુધી માણસ કંઈ જ બોલી શકતો નથી. તે પોતાને અપરાધી માનતો નથી, પણ કરેલાં કર્મોનું ફળ તો મળે જ છે. કર્મો તો જરૂર બોલે છે અને જીવ અસ્વસ્થ બને છે.

મહર્ષિ વેદવ્યાસે મૃત્યુ પછીની ક્રિયાઓનું સ્પષ્ટ માર્ગદર્શન, મૃતક જીવ માટે શાંતિપ્રાર્થના, મૃતકનાં કર્મફળોની કઠોરતા મૃદુ થવા માટેના ઉપાયો અને સાચું જીવન પસાર કરવાની રીતનું માર્ગદર્શન ‘ગરુડ પુરાણ’માં ગ્રંથરૂપે આપ્યું છે એટલે ગરુડ પુરાણ વાંચવું દરેક માનવી માટે આવશ્યક છે. જેના વાંચનથી, શ્રવણથી અને સંગ્રહથી મોક્ષનો ધાર્મિક માર્ગ દૃષ્ટિગોચર થાય છે.


ગરુડપુરાણ મનુષ્યજીવનમાં અત્યંત આવશ્યક એવો મહત્ત્વનો, મહર્ષિ વેદવ્યાસલિખિત શ્રીહરિપ્રિય ગ્રંથ છે. આપણા સ્વજનોના દેહવિલય પછી આપણો પુત્ર-પૌત્ર ગરુડપુરાણનું શ્રવણ કરે તો મૃતકોની ઉત્તમ ગતિ થાય છે, એવું શાસ્ત્ર જ કહે છે. તેનો સત્યાનુભવ પણ કથિત છે. ગરુડપુરાણના એકાંતમાં અધ્યયન, વાંચન, શ્રવણ, મનન અને પ્રવચનથી પોતાના મંગલમય મનોરથોની પૂર્ણ પ્રાપ્તિ થાય છે અને પ્રત્યક્ષ કે પરોક્ષ, જાણતાં કે અજાણતાં થયેલાં પાપો લુપ્ત બને છે. ધન, વૈભવ, ઐશ્વર્ય, સુખ, શાંતિ, સંતોષ અને સમાધાન પરિવારમાં સ્થાયીરૂપે વસે છે.

પરિવારનો મૃતક પાપમાંથી મુક્ત થાય છે અને ઉત્તમ કુળ-ગોત્રમાં જન્મ ધારણ કરે છે. તેને નરકયાતના અને વૈતરણી નદીમાંની કષ્ટપ્રાય દુઃખાંતિકા સહન ન કરવી પડે. ગરુડપુરાણનો પાઠ કરનાર પુરાણિક, પાઠક કે પરિવારનો કોઈ પણ વાચક વિષ્ણુસ્વરૂપ ગણાય છે, કારણ કે શ્રોતાઓને શ્રીહરિનાં દર્શન થાય છે. તે પરિસરમાં શ્રીવિષ્ણુ ભગવાનનું આગમન થાય છે. તેથી ગરુડ પુરાણનું માહાત્મ્ય ફળદાયક, ઉદ્ધારક, મોક્ષદાયક અને જીવનશુદ્ધિ કરનારું છે. ગરુડપુરાણ વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત કરનારું તથા કલ્યાણકારી છે. મોક્ષદાતા તરીકે કરેલું દાન સર્વોપરી ગણાય છે. માટે દરેક માનવે પોતાની હયાતીમાં દાન-પુણ્ય કરવું જોઈએ. મૃત્યુ પછી માનવે કમાવેલી કોઈ પણ વસ્તુ, મિલકત કે નાણાં સાથે આવતાં નથી એટલે અન્ન, વસ્ત્ર, ભૂમિ, જળ, વિદ્યા અને ગ્રંથનું જીવંત દાન અર્પણ કરવું જોઈએ. એ જ ગરુડ પુરાણ કહે છે.

શ્રીહરિ નમઃ, ગરુડાય નમઃ, મહર્ષિ વેદવ્યાસાય નમઃ, કાળયુક્ત સંવત્સરાય નમઃ.

દર્પ અને કંદર્પ ભક્તિમાર્ગમાં વિઘ્નરૂપ

પંચામૃત
નીલાક્ષી પરીખ



દર્પ અને કંદર્પ ભક્તિમાર્ગમાં વિઘ્નરૂપ છે એટલે આપનાં ચરણ અમારા હૃદયમાં પધરાવો અને દર્પ-કંદર્પનો નિગ્રહ કરી અમારા હૃદયમાંથી તેમને બહાર ફેંકી દો, જેથી અમારા હૃદયની ભાવના શુદ્ધ થાય

વ્રજવાસીઓ, ગોપીઓ ભગવાનને પણ ચોર કહીને ગાળ દઈ શકે છે! ‘લે, ખા, હાલ્યો જ આવે છે. મુઓ!’ વાસ્તવમાં એવું થોડું ઇચ્છીએ? જુઓ, લગ્નમાં ફટાણાં ગવાય છે ને? ‘ઘરમાં નહતા લોટા ત્યારે શીદ તેડાવ્યા મોટા મારા નવલા વેવાઈ.’ એ ‘ગારી’ છે. જેને કહીને અને સાંભળીને મજા આવે. બે લાડવા વધારે જમે. આ તો પ્રેમપૂર્ણ ‘ગારી’ છે. શ્રીકૃષ્ણને ચોર કહેવું એ ભક્તિનો અલગ જ ભાવ છે. શ્રીકૃષ્ણે જેનું ચિત્ત ચોર્યું એનાથી વધારે ભાગ્યવાન કોણ? ભક્ત કવિ નરસૈંયો ગાય છે ને...

‘મેં કાનુડા તોરી ગોવાલણ, મોરલીયે લલચાણી રે.
હરખે મેં તો ઈંધોણી લીધી જી, ભરવા ચાલી હું પાણી રે.
સાગર બદલે ગોળી લીધી.’

ગોપી કહે છે કે આ ચિત્તચોર છે. એણે મન ચોરી લીધું એટલે બરાબર કામ પણ નથી થતું. આમ તો ફરિયાદ કરે છે, પ્રેમની! પણ વાસ્તવમાં ‘થેંક્યુ’ કહે છે. પ્રેમની ડિક્શનરીમાં બધા અર્થ બદલાઈ જાય છે. પ્રેમમાં તુંકારો ગમે, અપમાન અને માનની ભાષા બદલાય. ‘ના’નો અર્થ ‘હા’. અપમાનનો અર્થ સન્માન અને સન્માનનો અર્થ અપમાન.

ગોપી કહે છે - ‘પ્રણત દેહીનામ્’ અમે પ્રણામ કરીએ છીએ. આપનાં ચરણ કેવાં? ઘાસ ચરનારા પશુઓની પાછળ-પાછળ ચાલનારા, જે ચરણોમાં લક્ષ્મીજી સદા નિવાસ કરે છે. સાધારણ નથી. ફણિ એટલે સર્પ - કાલિય. એની ફણા પર અર્પિત થયેલાં આપનાં ચરણારવિંદ હવે આપ અમારા મસ્તક પર પધરાવો.

કાલિય પુણ્યશાળી તો ન હતો ને? એની ફણા પર આપે ચરણ કેમ પધરાવ્યાં? એને ચરણકમળનો લાભ મળે, અમને નહીં? શું અમે કોઈના કરતાં પણ દુષ્ટ છીએ? કાલિયને તો શેના ઝેરનું અભિમાન હતું! એ ઝેર ઉકળતું હતું અને ઝેરી વરાળ એવી હતી કે ઊડતું પક્ષી પણ એ વરાળથી મરે! અમારા હૃદયમાં ન પધરાવો?

આ પ્રેમની ફરિયાદ છે.

કૃષ્ણ કહે - પાગલ છો! આ કંઈ ગિફ્ટ નથી. મારે તો એને દંડ આપવો હતો, વશ કરવો હતો, નિગ્રહ કરવો હતો.

‘આપનાં ચરણ અમારા હૃદયમાં અર્પિત કરો.’ ગોપી કહે છે.

ભગવાન કહે - પાગલ થઈ છો? તમારા હૃદયમાં મારા ચરણ કેમ પધરાવું? કાલિયનો તો નિગ્રહ કર્યો હતો.

ગોપીઓ કહે - અરે, ઓ નાગનથૈયા! નાગના નિગ્રહનો એટલો શોખ છે તો અમારા હૃદયમાં પણ બે-બે સર્પ છે. દર્પ અને કંદર્પ એ બે સર્પ છે. દર્પ એટલે અભિમાન, કંદર્પ એટલે કામ, વાસના. અમારા હૃદયરૂપી ઘરમાં આ બે સર્પ છે અને તમને એનો અભ્યાસ છે. તો આપ અમારો અંગીકાર કરો ને અમને યોગ્ય બનાવો.

દર્પ અને કંદર્પ ભક્તિમાર્ગમાં વિઘ્નરૂપ છે એટલે આપનાં ચરણ અમારા હૃદયમાં પધરાવો અને દર્પ-કંદર્પનો નિગ્રહ કરી અમારા હૃદયમાંથી તેમને બહાર ફેંકી દો, જેથી અમારા હૃદયની ભાવના શુદ્ધ થાય.

**‘મધુરયા ગિરા વલ્ગુવાક્યયા બુધ મનોજ્ઞયા પુષ્કરેક્ષણા
વિધિકરીરિમા વીર મુહ્યતીરધરસીધુનાડપ્યાયયસ્વ નઃ॥’**

હે કમલનયન! આપની મધુર વાણી, આપનાં વલ્ગુ (ગૂઢાર્થ ભરેલાં) વાક્યો, જેને બુદ્ધપુરુષ એટલે કે જ્ઞાની પુરુષ જ સમજી શકે છે. ભગવાનની ગીતાનાં વચનો જુઓ! ગૂઢાર્થ ભરેલી ગીતાના રહસ્યને જ્ઞાની પુરુષ જ સમજે છે. પુષ્કરેટેક્ષણ એટલે કે કમલનયન અથવા તો જેની દૃષ્ટિ હૃદયકમળમાં સ્થિર છે એવા. ભગવાન કાયાના સૌંદર્યને નથી જોતા, ભગવાન તો હૃદયના ભાવસૌંદર્યને જુએ છે!

તમે તો અમારા ભાવને જાણો જ છો. પ્રગટ થાઓ અને અમને અધરસુધાનું પાન કરાવો. પૃથ્વી પરનું અમૃત એટલે ધરામૃત. પણ જે પૃથ્વી પરનું નથી, લૌકિક નથી, એવું અલૌકિક છે એનું નામ અધરામૃત. અમને એ દિવ્ય આનંદનું દાન કરો. ‘ભાગવદ્ ગીતા’ એ કૃષ્ણનું અધરસુધા ગણાય. ‘રામચરિતમાનસ’ એ તુલસીદાસજીનું અધરામૃત ગણાય. જેના મુખમાંથી જે નીકળ્યું તે તેનું અધરામૃત કહેવાય.

**‘તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્।
શ્રવણમંગલં શ્રીમદાતતં ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જનાઃ॥’**

ભગવાન પૂછે કે અમારો પ્રેમ સાચો છે એવો દાવો કરો છો તો મરી કેમ નહીં? હજુ સુધી જીવિત કેમ છો?

હા, અમે જીવિત છીએ. તમારા વિયોગમાં મરી નથી. કેમ? ગોપી કહે છે - તમે કારણ છો. હે નાથ! આપની લીલાની કથા પણ અમૃતસ્વરૂપ છે. આપના વિરહથી પીડાતા લોકો માટે તો એ જીવનસર્વસ્વ છે. તમારી કથારૂપી અમૃતને પીને અમે જીવિત છીએ. આ કથામૃતે અમને અમર બનાવ્યા. તમે તો તમારા વિયોગમાં મારી જ નાખતે. તમારા કથારૂપી અમૃતે અમને જીવાડ્યા.

તમારા કરતાં તો તમારી કથા શ્રેષ્ઠ છે. તમને તો બોલાવીએ છતાં ન આવો, કથા તો અમે જ્યારે બોલાવીએ, જ્યાં બોલાવીએ ત્યાં આવે. તમે તો સ્વતંત્ર છો, જ્યારે તમારી કથા તો અમારે આધીન છે. જ્યારે અમે કહીએ શરૂ થવાનું, ત્યારે શરૂ થાય અને બંધ કરવાનું કહીએ એટલે બંધ થાય. અમે કહીએ કે ત્રણ વાગ્યે શરૂ અને સાત વાગ્યે બંધ, તો એમ થાય. અમે કહીએ કે ના, આજે સાત નહીં, આગળ જવું છે તો કહે - જી હજૂર! જો આજ્ઞા.તમે તો નિરપેક્ષ, પણ કથા સાપેક્ષ. વક્તા-શ્રોતા વગર ન થાય. તમે તો નિર્દય! બોલાવ્યા તોપણ ન આવો. કથા તો સદય બોલાવીએ ને આવે.

[ગુરુવર્ય પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે]